Office of the District Magistrate, Jamnagar District — જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો) — સત્યમેવ જયતે — ગુજરાત રાજ્ય

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૭/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૨૫/૦૩/૨૦૨૪

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન જામનગર જિલ્લામાં તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલી છે. પ્રવર્તમાન ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારોના ટેકેદારો તરફથી ઇલેક્ટ્રોનીક મીડીયાના માધ્યમથી, સ્થાનિક કંટ્રોલરૂમથી, રાજ્ય, આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય ટી.વી.ચેનલ તેમજ એ.એમ. અને એફ.એમ. રેડીયો નેટવર્કના માધ્યમથી પ્રચાર-પ્રસાર કરવા અંગેના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવીઝન નેટવર્ક (વિનિમયો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જે મુજબ જાહેરાત નિયત કરેલ **આચારસંહિતાને અનુરૂપ હોય તે સિવાય** કોઇપણ વ્યક્તિ **કોઇ જાહેરાત પ્રસારિત કે પુન:પ્રસારિત કરી શકે નહી,** તેમજ જાહેરાતો કોઇ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઇએ નહી તેવી જોગવાઇ છે. ભારતના ચૂંટણીપંચે ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઇ પક્ષ, સંસ્થા કે ઉમેદવારની તરફેણ કે વિરૂધ્ધમાં કે ચૂંટણીપંચે જાહેર કરેલ આદર્શ આચારસંહિતાની જોગવાઇઓ વિરૂદ્ધ કોઇપણ ચૂંટણી વિષયક જાહેરાત ઇલેક્ટ્રોનિકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે સંવિધાનની કલમ-૧૪૨ હેઠળની સતાનો ઉપયોગ કરીને નામ. સુપ્રિમ કોર્ટે એસ.એલ.પી.(સિવિલ) નં.૬૬૭૯/૨૦૦૪ના કામમાં તા.૧૫/૦૪/૨૦૦૪ ના હુકમ ક્રમાંક: ૫૦૯/૭૫/જેએસ/૧ થી ઠરાવેલ વિગતે આદેશાત્મક જોગવાઇ કરેલ છે.

તેમજ ભારતના ચૂંટણીપંચના તા.૨૭/૦૮/૨૦૧૨ ના પત્ર ક્રમાંક: ૪૯૧/પેઇડ ન્યુઝ/૨૦૧૨/મીડીયા ની માર્ગદર્શક સુચનાઓ અન્વયે અધિક મુખ્ય નિવાર્ચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૬/૦૩/૨૦૧૭ ના પત્ર નં.ઇએલસી/૧૦૨૦૧૭/૩૬૦/છ(SVEP)થી થયેલ સુચના અનુસાર જિલ્લા કક્ષાએ તમામ પ્રકારની જાહેરાતો, જીંગલ્સ, ઇન્સર્શન્સ, બાઇટ્સ વગેરેના સર્ટીફીકેશન માટે **મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટી** ની રચના કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ છે. જે અંગેની કામગીરી નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જામનગર, સભ્ય સચિવ તરીકે સંભાળે છે.

સબબ, ઉપરોકત સુચનાની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ હુકમ કરવો ઇષ્ટ જણાય છે. જેથી હું, **ભાવેશ એન. ખેર** જી.એ.એસ. , **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર** જિલ્લો જામનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે,

૧. ટેલીવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક પર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૨. બીજી કોઇ વ્યક્તિ અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વિગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડી સાત દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૩. ઇલેક્ટ્રોનિક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણિત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે,

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઇન્સર્શન્સ, બાઇટ્સ વિગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી જિલ્લા કક્ષાની મીડીયા સર્ટીફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટિના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામકશ્રી, જામનગરને કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ

(બી) ઇન્સર્શન્સની સંખ્યાના વિભાજન અને આવા દરેક ઇન્સર્શન માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે ટેલીવીઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજિત ખર્ચ

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શક્યતાના લાભ માટે છે કે કેમ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઇ વ્યક્તિએ આપી હોય તો તે વ્યક્તિ સોગંદ પર જાહેર કરશે કે, તે કોઇ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી અને ઉક્ત જાહેરાત કોઇ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચુકવણી કરી નથી.

(ઇ) બધી ચુકવણી એકાઉન્ટ પેઇ ચેકથી કરવામાં આવશે એવી કબુલાત.

૫. ટેલીકાસ્ટ માટે જાહેરાત, જીંગલ્સ, ઇન્સર્શન્સ, બાઇટનું પ્રમાણપત્ર મેળવ્યા વિના જાહેરાત જીંગલ્સ ઇન્સર્શન્સ, બાઇટનું પ્રસારણ થઇ શકશે નહી.

૬. ચૂંટણી કામગીરી માટે નિયુકત ચૂંટણી અધિકારીશ્રીઓને, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારીશ્રીઓને જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવે છે. તથા કેબલ ટેલીવિઝન અધિનિયમ-૧૯૯૫, તે હેઠળના નિયમો તથા નામ. સુપ્રિમ કોર્ટના અને ભારતના ચૂંટણી પંચના ઉકત આદેશ પરત્વે તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવાની સત્તા આપવામાં આવે છે.

આ જાહેરનામુ લોકસભા સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૦૬/૦૬/૨૦૨૪ સુધી) અમલમાં રહેશે. તેમજ જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ હુકમની સમગ્ર જિલ્લામાં તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કેબલ ટેલીવિઝન (નિયમન) અધિનિયમ-૧૯૯૫ની જોગવાઇ મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

વિશેષમાં ઉપર જણાવેલ વિસ્તારમાં જાહેરનામુ સહેલાઇથી જોઇ શકાય તે રીતે તેની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા કાર્યવાહી કરવી.

આજ તા.૨૫ માહે: માર્ચ , ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીની મોહર લગાડી આ જાહેનામું બહાર પાડ્યુ.

Office of the District Magistrate / જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો / સત્યમેવ જયતે / ગુજરાત રાજ્ય / Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

૩) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

...સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારું.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય), લાલપુર, ધ્રોલ

૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬–કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭–જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨) થાણા ઇન્ચાર્જશ્રી, ............................ પો.સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો (મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

<u>નકલ સવિનય રવાના:–</u>

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજિસ્ટ્રારશ્રી, નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જામનગર

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District